શ્રી શંકરાશ્રમ સ્તવનમાલા


[સાયંકાળે બોલાતી સંધ્યા
આરતી થાળ અને ધૂન વગેરે]



ॐ साम्बसदाशिवाय नमः ।

પ્રકાશક

શ્રી શંકરાશ્રમ · દારેસલામ
(ઈસ્ટ આફ્રિકા)



શ્રી શંકરાશ્રમ સ્તવનમાળા

દારેસલામ.

શ્રી શંકરાશ્રમ સ્તવનમાલા

[સાયંકાળે બોલાતી સંધ્યા
આરતી થાળ અને ધૂન વગેરે]



પ્રકાશક

શ્રી શંકરાશ્રમ · દારેસલામ

(ઇસ્ટ આફ્રિકા)

પ્રસ્તાવના

આપણા સર્વ સનાતન ધર્માવલંબી ભાઈઓને આ અમારો પ્રયાસ વિના પ્રયોજન ન લાગે તે ખાતર આ માટે બે શબ્દો લખવા અયોગ્ય નહિ ગણાય. દારેસલામમાં આપણા સર્વના પ્રયાસથી શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર સ્થપાયું છે, તેમજ શિવાલયની પણ અત્રે સ્થાપના થાય તો સારૂં એવી સનાતન ધર્માવલંબી ભાઈઓની ભાવના ઉત્પન્ન થતાં, સંવત ૧૯૯૫ ના ચૈત્ર માસમાં શંકરાશ્રમ ખોલવામાં આવ્યું છે. દારેસલામ ટાંગાનીકાનું પાટનગર છે. સનાતની ભાઈઓની ધર્મની લાગણી ઘણી જ સારી છે. જેથી આવા રમ્ય સ્થળમાં આપણા સનાતની ભાઈઓને ધાર્મિક શાંતિ મળે તે સર્વની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે અને આ પ્રયાસ પણ તે જ ખાતર કરવાનું સાહસ ભાઈઓએ ખેડેલ છે; જેનું પરમ કૃપાળુ પરમાત્માએ આ શુભ ફળ આપેલ છે અને એવા નિરાકાર સાકાર સ્વરૂપની જેટલી પ્રાર્થના તથા વિભૂતિઓનું વર્ણન આપણાથી કરી શકાય, તે સમુદ્રમાં ફક્ત જળબિંદુ જેટલું જ ગણાય. તો પણ શુભ પ્રયાસ તથા ધાર્મિક શાંતિની પ્રેરણા લાંબા કાળે પણ ચાર સાધનો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) આપવા વાળી થાય છે, એમ શાસ્ત્રમાંથી સૂચના મળે છે તો સર્વે આ શુભ પરિણામના ભાગ્યશાળી થાય એવી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરી વિરમીએ છીએ. અસ્તુ.

શંકરાશ્રમ, ભક્તામંડળ : દારેસલામ

પ્રકાશક : હીંમતલાલ જાદવજી મહેતા, સેક્રેટરી, શ્રી શંકરાશ્રમ - દારેસલામ (ઈસ્ટ આફ્રિકા)
મુદ્રક : મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ., આદિત્ય મુદ્રણાલય, રાયખડ • અમદાવાદ

શ્રી શંકરાશ્રમ સ્તવનમાળા

દારેસલામ



શ્રી કૃષ્ણ

લાર્ડકીન પ્રીન્ટરી :: અમદાવાદ.

શ્રી ગણેશાય નમઃ

ૐ

જય જય જગકર્તા, પ્રભુ જય જય જગકર્તા,
ભગવંત તું ભવભર્તા (૨) હરકત સંહર્તા–જય દેવ જય દેવ.
પૂરણ પરમ પરાક્રમી, પ્રભુ વિભુ પરમાત્મા–પ્રભુ વિભુ પરમાત્મા,
સકળ કળાધર શ્રીમત (૨) ધીમત ધરમાત્મા–જય દેવ જય દેવ.
તું સચરાચર સ્વામી, બળવંત બહુનામી–પ્રભુ બળવંત બહુનામી,
વિમળ મંડળ વિશ્રામી (૨) ધન્ય અચળ ધામી–જય દેવ જય દેવ.
તત્ત્વ સકળ ગુણ તારા, સર્વ થકી સારા–પ્રભુ સર્વ થકી સારા,
અંતર્યામી અમારા (૨) પ્રાણ થકી પ્યારા–જય દેવ જય દેવ.
કરુણા કર ઉપકારી, ધર્મ બિરદ ધારી–પ્રભુ ધર્મ બિરદ ધારી,
તેં ભવ પાર ઉતારી (૨) અગણિત નરનારી–જય દેવ જય દેવ.
તુજ મહિમા બહુ મોટો, શુભ તારી શક્તિ–પ્રભુ શુભ તારી શક્તિ,
સુરનર મુનિવર માગે (૨) ભલી તારી ભક્તિ–જય દેવ જય દેવ.
હે હરિ હરકત હરજો, કરુણા ઘણી કરજો–પ્રભુ કરુણા ઘણી કરજો,
અભયકરણ આદરજો (૨) ઉર અરજી ધરજો–જય દેવ જય દેવ.

૨

ભુજંગી

તમે છો પ્રભુ અન્નદાતા અમારા,
તમે છો પ્રભુ સર્વથી શ્રેષ્ઠ સારા;
તમે છો અમારા પ્રભુ માઇ બાપ,
અમે દંડવત્ વંદીએ વિશ્વનાથ.

તમારી સ્તુતિ વેદશાસ્ત્રે વખાણી,
વિરામી મુનિઓ તણી વૃત્તિ વાણી;
જગાધીશ તારા ગુણો છે અમાપ,
અમે દંડવત્ વંદીએ વિશ્વનાથ.

૩

આરતી

જય શિવ ઓંકારા શિવ હર શિવ ઓંકારા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ અર્ધાંગે ધારા–હર હર હર મહાદેવ. ટેક.

એકાનન ચતુરાનન, પંચાનન, રાજે શિવ પંચાનન રાજે,
હંસાસન ગરુડાસન વૃષવાહન છાજે–હર હર હર— ૧.

દો ભુજ ચાર ચતુરભુજ દશ ભુજ હર સોહે–શિવ દશ.
શંકર સ્વરૂપ નીરખતાં ત્રિભુવન મન મોહે–હર હર હર—૨.

અક્ષમાલા વનમાલા, રૂંઢમાલાધારી–શિવ રૂંઢ,
ચંદન મૃગ મધુ લેપન ભાલે શુભકારી–હર હર હર— ૩.

શ્વેતાંબર પીતાંબર વાઘાંબર અંગે–શિવ વાઘાં.
સનકાદિક ત્રિભુવનાદિક ભૂતાદિક સંગે–હર હર હર— ૪.

લક્ષ્મીવર ઉમિયાવર સાવિત્રી સંગે–શિવ સાવિત્રી.
પાર્વતી અર્ધાંગે શિશ જટા ગંગે–હર હર હર— ૫.

કરમાં એક કમંડલ ચક્ર ત્રિશૂલ ધરતાં–શિવ ચક્ર.
સુખકરતા દુઃખહરતા યુગવે સંહરતા–હર હર હર—૬.

કાશીમાં વિશ્વનાથ બિરાજે નંદો બ્રહ્મચારી–શિવ નંદો.
નિત નિત ભોગ લગાવત મહિમા અધિકારી–હર હર–હર—૭.

ભિન્ને ત્રણ સ્વરૂપ જાણે અવિવેકી શિવ જાણે.
પ્રણવાક્ષરને મધ્યે એ ત્રણે એકી–હર હર હર— ૮.
ત્રિગુણ સ્વામીની આરતી જે ભાવે ગાશે–શિવ જે.
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે–હર હર હર—૯.

૪

હરાય નમઃ ૐ શિવાય નમઃ શિવાય નમઃ ૐ હરાય નમઃ
હર હર હર હર હરાય નમઃ ૐ શિવ શિવ શિવ શિવ શિવાય નમઃ
રઘુપતિ રાઘવ રાજારામ પતિતપાવન સીતારામ (૨)
રાધાકૃષ્ણ જય કુંજવિહારી મોરલીધર ગોવર્ધનધારી (૨)
જય શ્રીકૃષ્ણ જય શ્રીરામ અધમઉધારણ પુરણકામ (૨)
શંકર ઈશ્વર તેરે નામ સબકો સન્મતિ દે ભગવાન (૨)
અંબાનો જય જય શકિતનો જય જય (૨)
આબુનિવાસી અંબાનો જય જય (૨)

૫

અગડ બમ બમ બમ બમ(૨)ડીમક વાગે ડમરુ-ડાક વાગે ડમરુ
નાચે મહાશિવ આદ્યગુરુ-સોનેકી ઢોલકી ને રૂપાકી ત્રાંસ
પોઠીએ બિરાજમાન ઉમિયા ભરથાર—અગડ બમ૰
આગે આગે સૂંઢ ચાલે, પીછે હનુમાન (૨)
પાર્વતીનો પ્રાણનાથ મારે છે હાક—અગડ બમ૰
ઉમિયાજી ભાંગ વાવે (૨) નીંદે ગણેશ (૨)
પાર્વતીજી પાણી વાળે, છૂટા મેલી કેશ—અગડબમ૰
આકડાની કઢી કરી, ધંતૂરાનું શાક (૨)
પીરસે પારવતી ને જમે ભોળોનાથ—અગડબમ૰
ભાંગ કેરી રોટલી ને ભાંગ કેરાં શાક (૨)
ભાંગ કેરી પૂરણપોળી જમે ભોળોનાથ—અગડબમ૰
ભાંગ ચાવે મરચી ચાવે આકડા ધંતૂર (૨)
પાર્વતીનો પ્રાણનાથ હાજરાહજૂર—અગડબમ૰
એક હાથે ડમરુ લીધું, બીજે હાથે ડાક
ભૂતાવળમાં ભોળોનાથ મારે છે હાક—અગડબમ૰
કાળરાત્રી-મહારાત્રી-શિવરાત્રી ત્રણ
નરસૈંયો એમ વદે પૂજે આ લિંગ—અગડબમ૰

૬

ધૂન ૧

શિવાય નમઃ શિવાય નમઃ
શિવાય નમઃ શિવાય નમઃ
ૐ નમઃ શિવાય

(૨)

હર હર મહાદેવ—શંભો
કાશી વિશ્વનાથ ગંગે રે-કાશી
હર હર મહાદેવ શંભો.

રઘુપતિ રાઘવ રાજારામ પતિતપાવન સીતારામ (૨)
જય રઘુનંદન જયશ્રી રામ, જાનકીવલ્લભ સીતારામ-રઘુ.
કુંજબિહારી રાધેશ્યામ, અવધબિહારી સીતારામ (૨)
બંસીવાળા શ્રીઘનશ્યામ, ધનુષ્યવાળા સીતારામ-રઘુ.
પ્રહ્લાદઉદ્ધારક રાધેશ્યામ, અહલ્યાઉદ્ધારક સીતારામ (૨)
ગોપીઓવાળા શ્રી ઘનશ્યામ વાનરવાળા સીતારામ-રઘુ.
મુખમેં તુલસી ઘટમેં રામ (૨) જબ બોલો તબ સીતારામ
સીતારામ સીતારામ ભજ પ્યારે (૨) નહિં જનમ ભાઇ વારંવારે
હાથોસેં કર ઘરકા કામ (૨) મુખસેં બોલો સીતારામ-રઘુ.
ભયહર મંગલ દશરથ રામ. જય જય મંગલ સીતારામ
મંગલકર જય મંગલરામ સંગત શુભ વિભવો દયારામ
આનંદામૃતવર્ષક રામ, આશ્રિત વત્સલ જયશ્રી રામ.

સીતારામ સીતારામ સીતારામ જય સીતારામ
રાધેશ્યામ રાધેશ્યામ રાધેશ્યામ જય રાધેશ્યામ
હરે રામ હરે રામ રામ રામ હરે હરે
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે

ધૂન

કૃપા કરો ચંદ્રમૌલિ મેરા, ભરોંસો હે ભોળા તેરા
મણિધર વિષધારી ભોળા, ભરોંસા હે ભોળા તેરા-કૃપા.

શ્રી શંકરાશ્રમ સ્તવનમાળા

[illegible]



[illegible]

આર જીન પ્રિન્ટરી • અમદાવાદ

૭

ગણપતિસ્તવઃ

અજં નિર્વિકલ્પં નિરાકારમેકં
નિરાનન્દમાનન્દમદ્વૈતપૂર્ણમ્ ।
પરં નિર્ગુણં નિર્વિશેષં
પરબ્રહ્મણં ગણેશં ભજેયમ્ ॥

હનુમાનસ્તુતિઃ

મનોજવં મારુતતુલ્યવેગં
જિતેન્દ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠમ્ ।
વાતાત્મજં વાનરયૂથમુખ્યં
શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે ॥

૮

શ્રીદેવીસ્તવઃ

અનંતરૂપિણી લક્ષ્મી, અપાર ગુણસાગરી,
અણીમાદિ સિદ્ધિને દ્યો, વંદું શિર નમાવી હું,
ઉદ્ધારો આપદામાંથી આદ્ય શક્તિ તમે વડી,
આનંદદાત્રિ કલ્યાણી વંદું શિર નમાવી હું.
વિશ્વમાતા વિશ્વકર્તા, દેવી જગત્ધારિણી,
જગદ્ધાત્રી જાનકી હે, વંદું શિર નમાવી હું,
અન્નપૂર્ણા સદાપૂર્ણા શંકર પ્રાણવલ્લભા,
જ્ઞાન વૈરાગ્યને માટે ભિક્ષા માગું હું પાર્વતી.
જે દેવી સર્વ ભૂતોમાં શક્તિરૂપે વસી રહી,
નમું તેને નમું તેને નમું તેને નમું નમું
જે દેવી સર્વ ભૂતોમાં માતૃરૂપે વસી રહી,
નમું તેને નમું તેને નમું તેને નમું નમું.

૯

શ્રીવિષ્ણુસ્તવન

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશમ્
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ
લક્ષ્મીકાન્ત કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યમ્
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્

નમોસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે
સહસ્રપાદાક્ષિશિરોરુબાહવે
સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે
સહસ્રકોટીયુગધારિણે નમઃ

૧૦

સૂર્યની સ્તુતિ

આદિત્ય સવિતા સૂર્ય, ખગ પુષા ગભસ્તિમાન્
સુવર્ણવરણો ભાનુ, સ્વર્ણરેતા દિવાકર
તુંહી અગ્નિ તુંહી સૂર્ય, વાયુ ને ચંદ્રમા તુંહી,
તુંહી શુક્ર તુંહી બ્રહ્મા તુંહી જળ પ્રજાપતિ.

નમું હું ભાનુ ત્યમ સૂર્ય દેવને
નમું હું વૈશ્વાનર જાતવેદને
આ અર્ઘ્ય કેરો કરજો સ્વીકાર હે
દેવો તણા દેવ નમું હું આપને
નમો સૂર્યને જગત્ એક ચક્ષુ જે
જગત્ ઉત્પત્તિ સ્થિતિ નાશ હેતુ તે,
ત્રિગુણી માયા રૂપ આત્મ ધર્તા
બ્રહ્મા શ્રીનારાયણ શંકરાત્મા.

શ્રી શંકરાશ્રમ સ્તવનમાળા

[illegible]



[illegible]

૧૧

બોલો કાશીવિશ્વનાથ મહાદેવકી જય, દ્વારકાંધીશકી જય.
રમાપતિ રામચંદ્ર દેવકી જય, પવનસુત હનુમાનકી જય.
અપને અપના ગુરુદેવકી જય, ગિરિરાજ ધરનકી જય.

૧૨

હે રામ, પુરૂષોત્તમ, નરહરિ નારાયણમ્ કેશવમ્
હે ગોવિન્દ ગરુડધ્વજ, ગુણનિધિ દામોદર માધવમ્
હે કૃષ્ણ કમલાપતિ, યદુપતિ સીતાપતિ શ્રીપતિ
વૈકુંઠાધિપતિ ચરાચરપતિ, લક્ષ્મીપતિ ત્રાહિ મામ્ ।।

૧૩

શ્લોક

આદૌ રામ તપોવનાદિગમનં, હત્વા મૃગં કાંચનમ્ ।
વૈદેહીહરણં જટાયુમરણં, સુગ્રીવસંભાષણમ્ ।।
વાલીનિગ્રહણં સમુદ્રતરણં, લંકાપુરીદાહનમ્ ।
પશ્ચાદ્ રાવણકુંભકર્ણહનનં, એતદ્ધિ રામાયણમ્ ।

૧૪

આદૌ દેવકીદેવગર્ભજનનં, ગોપીગૃહેવર્ધનમ્ ।
માયાપુતનજીવતાપહરનં, શ્રી ગોવર્ધનોધારણમ્ ।।
કંસચ્છેદન કૌરવાદિહનનં, કુન્તીસુતાઃપાલનમ્ ।
એતદ્ શ્રી ભાગવતં પુરાણં કથિતં શ્રીકૃષ્ણલીલામૃતમ્ ।।

દ્વારિકાધિશકી જયઃ

૧૫

પવનમંદ સુગંધ શીતલ હેમ મંદિર શોભિતમ્ ।
નિકટ ગંગા બહત નિર્મલ, શ્રી બદ્રીનાથ વિશ્વંભરમ્ ।। (૧)

શેષ સમરન કરત નિશદિન, ધરત ધ્યાન મહેશ્વરમ્ ।
શ્રીવેદ બ્રહ્મા કરત સ્તુતિ, શ્રીબદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૨)

ઇંદ્ર ચંદ્ર કુબેર દિનકર, ધૂપ દીપ પ્રકાશિતમ્ ।
સિદ્ધ મુનિજન કરત જયજય, શ્રી બદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૩)

શક્તિ ગૌરી ગણેશ શારદ, નારદમુનિ ઉચ્ચારણમ્ ।
યોગ ધ્યાન અપારલીલા, શ્રીબદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૪)

યક્ષકિન્નર કરત કિરતન, તાલ વીણા વાજિતમ્ ।
શ્રીલક્ષ્મી કમળા ચમર ઢોળે, શ્રીબદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૫)

કૈલાસમેં એક દેવ નિરંજન, શૈલ શિખર મહેશ્વરમ્ ।
રાજા યુધિષ્ઠિર કરત સ્તુતિ, શ્રી બદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૬)

શ્રી બદ્રીનાથકે પંચ રત્ન, પઠત પાપવિનાશનમ્ ।
કોટી તીર્થં ભયો હે પુણ્યં, પ્રાપ્તયે ફલદાયકમ ॥ (૭)

તપ્ત કુંડકી અધિક મહિમા, દશદિશા યશગાયનમ ।
શ્રી નરનારાયણ કરત સેવા, શ્રી બદ્રીનાથ વિશ્વંભરમ્ ॥ (૮)

૧૬

ઉપમન્યુસ્તોત્ર

જય શંકર પાર્વતીપતે, મૃડ શંભો શશિખંડમંડન;
મદનાન્તક ભકતવત્સલ, પ્રિયકૈલાસ દયાસુધામ્બુધે. ૧.

સદુપાયકથાસ્વપંડિતો, હૃદયે દુઃખશરેણ ખંડિત;
શશિખંડ શિખંડમંડનં, શરણં યામિ શરણ્યમીશ્વરમ્. ૨.

મહતઃ પરિતઃ પ્રસર્પત સ્તમસો દર્શનભેદિનો ભિદે;
દિનનાથ ઇવ સ્વતેજસા, હૃદયવ્યોમ્નિ મનાગુદેહિ નઃ ૩.

ન વયં તવ ચર્મચક્ષુષા, પદવીમપ્યુપવીક્ષિતું ક્ષમાઃ
કૃપયાભયદેન ચક્ષુષા, સકલેનેશ વિલોકયાશુ નઃ ૪.

મધુરં હિ પયઃ સ્વભાવતો, નનુ કિંકુસિતશર્કરાન્વિતમ્.
ત્વદનુસ્મૃતિરેવ પાવની, સ્તુતિયુકતા નહિ વકતુમીશ સા; ૫.

સવિષોપ્યમૃતાયતે ભવાન્, શવમુંડાભરણોપિ પાવનઃ
ભવ એવ ભવાન્તકઃ સતાં, સમદૃષ્ટિર્વિષમેક્ષણોપિ સન્. ૬.

અપિ શૂલધરો નિરામયો, દૃઢવૈરાગ્યરતોપિ રાગવાન્;
અપિ ભૈક્ષ્યચરો મહેશ્વર શ્ચરિતં ચિત્ર મિદં હિ તે પ્રભો. ૭.

વિતરત્યભિવાંછિતં દશા, પરિદૃષ્ટઃ કિલ....કલ્પપાદપઃ
હૃદયે સ્મૃત એવ ધીમતે, નમતે ભીષ્ટફલપ્રદો ભવાન્. ૮.

સહસૈવ ભુજંગપાશવાન્, વિનિગૃહ્ણાતિ ન યાવદન્તકઃ
અભયં કુરુ તાવદાશુ મે, ગતજીવસ્ય પુનઃ કિમૌષધૈઃ ૯.

સવિષૈરિવ ભીમપન્નગૈઃ, વિષયૈરેભિરલં પરિક્ષતમ્;
અમૃતૈરિવ સંભ્રમેણ માં, મર્ષિચાશુ દયાવલોકનૈઃ ૧૦.

મુનયો બહવોપિ ધન્યતાં,;ગમિતાઃ સ્વાભિમતાર્થલાભતઃ
કરુણાકર યેન તેન મામવસન્નં નનુ પશ્ય ચક્ષુસા. ૧૧.

પ્રણમામ્યથ યામિ ચાપરં, શરણં કં કૃપણાભયપ્રદમ્;
વિરહીવ વિભો પ્રિયામયં, પરિપશ્યામિ ભવન્મયં જગત્. ૧૨.

બહવો ભવતાનુકંપિતાઃ કિમિતીશાન ન માનુકંપસે;
દધતા કિમુ મન્દરાચલં, પરમાણુઃ કમઠેન દુર્ધર. ૧૩.

અશુચિં યદિ માનુમન્યસે, કિમિદં મૂર્ધ્નિ કપાલદામ તે;
ઉત શાઠ્યમસાધુસંગિનં, વિષલક્ષ્માસિ ન કિં દ્વિજિહ્વધૃક્ ૧૪.

ક્વ દશાં વિદધામિ કિં કરોમ્યનુતિષ્ઠામિ કથં ભયાકુલ;
ક્વ નુ તિષ્ઠસિ રક્ષ રક્ષ મામયિ શમ્ભો શરણાગતો સ્મિ તે ૧૫.

વિલુઠામ્યવનૌ કિમાકુલઃ કિમુરો હન્મિ શિરઃ શ્છિનદ્મિ વા;
કિમુ રોદિમિ રારટીમિ કિં કૃપણં માં ન યદીક્ષસે પ્રભો. ૧૬.

શિવ સર્વગ શર્વ શર્મદ, પ્રણતો દેવ દયાં કુરુષ્વ મે;
નમ ઈશ્વર નાથ દિક્પતે, પુનરેવેશ નમો નમોસ્તુ તે. ૧૭.

શરણં તરુણેન્દુશેખર, શરણં મે ગિરિરાજકન્યકા;
શરણં પુનરેવ તાવુભૌ, શરણં નાન્યદુપૈમિ દૈવતમ્. ૧૮.

ઉપમન્યુકૃતં સ્તવોત્તમં, જપતઃ શમ્ભુ સમીપવર્તિનઃ
અભિવાંછિતભાગ્યસંપદઃ પરમાયુઃ પ્રદદાતિ શંકરઃ ૧૯.

ઉપમન્યુકૃતં સ્તવોત્તમં પ્રજપેદ્યસ્તુ શિવસ્ય સંનિધૌ
શિવલોકમવાપ્યસૌ ચિરાત્ સહ તેનૈવ શિવેન મોદતે ૨૦.

શંકરસ્ય ચરિતં કથામૃતં, ચંદ્રશેખરગુણાનુકિર્તનમ્;
નીલકંઠ તવ પાદસેવનં સંભવતુ મમ જન્મ જન્મનિ. ૨૧.

૧૭

અંતિમ પ્રાર્થના

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ ।।

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા
બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વાભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ
નારાયણાયેતિ સમર્પયામિ ।।

૧૮

ઓમ્ સર્વે વૈ સુખિનાઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ ન કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ।।

૧૯

ઓમ્ દ્યોઃ શાન્તિ રન્તરિક્ષઃ શાન્તિઃ
પૃથ્વી શાન્તિ રાપઃ શાન્તિ
રૌષધયઃ શાન્તિઃ વનસ્પતયઃ શાન્તિ
વૈશ્વે દેવાઃ શાન્તિ બ્રહ્મશાન્તિઃ
સર્વં ઓમ્ શાન્તિઃ શાન્તિરેવ
શાન્તિઃ સામા શાન્તિરેધિ
ઓમ્ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

૨૦

અચ્છા મેરા ભોળાનાથ–મેરી શુદ્ધ લેના,
મેરી શુદ્ધ લેના ભોળા–મેરી શુદ્ધ લેના. અચ્છા૦

સોનેકા સોનૈયા તુંહી–રૂપેકા રૂપૈયા તુંહી,
કોડી દમડી પાસ નાંહિ વ્હાં જાકે રહેના. અચ્છા૦

માતા તુંહી પિતા તુંહી ઓર જોડી બાંધવ તુંહી,
એસા કોઈ દોસ્ત નાંહિ વ્હાં જાકે રહેના. અચ્છા૦

ખેતી તુંહી વાડી તુંહી ઓર કુછ ધંધા તુંહી,
એસા કોઇ રાજા નાંહિ વ્હાં જાકે રહેના. અચ્છા૦

કહેતા મલુકદાસ છોડી દો પરાઈ આશ,
ગંગા કે કિનારે જઈ શિવ શિવ જપના. અચ્છા૦

૨૧

ગોવિંદ જય જય ગોપાલ જય જય
ગંગાધર જય જય ગોવિંદ જય જય

ગોવિંદ જય જય ગોપાલ જય જય
સીતારામ જય જય ગોવિંદ જય જય
ગોવિંદ જય જય ગોપાલ૦
રાધેરમણુ જય જય ગોવિંદ જય૦
ગોવિંદ જય જય ગોપાલ૦
અંબે માત જય જય ગોવિંદ૦
ગોવિંદ જય જય ગોપાલ૦
હનુમંત જય જય ગોવિંદ૦
ગોવિંદ જય જય ગોપાલ૦
ગજાનન જય જય ગોવિંદ૦
ગોવિંદ જય જય ગોપાલ૦
સર્વે ભાઈઓ રામ રામ ગોવિંદ૦

૨૨

થાળ ૧લો લાવણી

દૂધ ગાયનાં ઉકાળી કટોરી ભરી લાવ્યો છું મહારાજ,
આરોગજો પ્રભુ ભાવ ધરીને, છે વિનંતિ રાધેશ્યામ.
મેં શાકર નાંખી ઘોળી વળી એલચી ને ચારોળી,
માંહીં બદામ કેસર ઘોળી કટોરી ભરી લાવ્યો છું મહારાજ-આરોગજો.
મીઠું કે મોળું કહેજો બીજું પણ માગી વહાલા લેજો.
બાકી પ્રસાદી અમને દેજો એ છે વિનંતિ રાધેશ્યામ-આરોગજો.
દર્શન પ્યારા ફરી દેજો મુજ રંક હૃદયમાં રહેજો.
અંતે તમ શરણે લેજો એ છે વિનંતિ રાધેશ્યામ-આરોગજો.

૨૩

થાળ ૨ જો દીપચંદી

જમવા આવો દીનાનાથ રે મારી પ્રેમની થાળી,
મારે હાથે પ્રભુ મેં એ બનાવી, પ્રાણજીવન તમ કાજ રે,
મારી પ્રેમની થાળી—જમવા આવો દીનાનાથ
ભાત ભાતના મેવા મંગાવું વિધવિધના પકવાન રે,
મારી પ્રેમની થાળી—જમવા આવો દીનાનાથ.
જલ રે યમુનાજીના ભરી લાવું ઝારી, આચમન કરોને મોરારું રે
મારી પ્રેમની થાળી—જમવા આવો દીનાનાથ.
લવિંગ સોપારીને એલચી આપું, પાનનાં બીડલાં અપાર રે,
મારી પ્રેમની થાળી—જમવા આવો દીનાનાથ.
(ચલતી) માધવદાસના સ્વામી શામળિયા, તનમન જાઉં બલિહાર રે
મારી પ્રેમની થાળી—જમવા આવો દીનાનાથ.

૨૪

થાળ ૩ જો દીપચંદી

ગોકુલના ગિરધારી રે, વહાલા વહેલારે આવો,
દૂરથી આવતાં દીઠા રે, વહાલા જો વનમાલી,
બાજોઠ આપું કાંઇ બેસવા, ઉપર સોનાની ઝારી,
ભોજન કીજીએ ભાવતાં, પકવાન મીઠાઈ,
પેંડા પતાસાને પુરીયો, સુખડી સુખદાયી,
માલપુવા ગોળપાપડી, રુચિ આવે તે લેજો,
દાળભાત ને રૂડાં રાઇતાં, ભૂલ હોય તો કહેજો,
શીતલ જલ યમુના તણું, પ્રભુ પ્રેમેથી પીજો,
બીડલાં બનાવું કાંઈ પાનનાં, લક્ષ્મીવર લેજો,
સેજ બિછાવું રૂડાં પુષ્પોની, પ્રભુ પ્રેમેથી પોઢો,
(ચલતી) પ્રીતમના સ્વામી શામળા, નિત દર્શન દેજો-ગોકુળના

૨૫

ધૂન

૧ રઘુપતિ રાઘવ રાજારામ પતિતપાવન સીતારામ.

૨ જયજય રામચંદ્ર રઘુવીર સીતાપતિ રામચંદ્ર રઘુવીર.

૩ પ્રહ્લાદ ભણે રામ કૃષ્ણ ગોવિન્દા સબસંત ભણે નરહર
વિઠ્ઠલ ગોવિન્દા.

૪ સચ્ચા સચ્ચાહે નામ તેરા હરિવિઠ્ઠલા, હરિવિઠ્ઠલા હરિવિઠ્ઠલા–
સચ્ચા સચ્ચાહે નામ તેરા હરિવિઠ્ઠલા.

૫ નરહરિ નંદલાલ ભજો ગોવિન્દ ગોપાળ,
ભજો ગોવિન્દ ગોપાળ ભજો ગોવિન્દ ગોપાળ–નરહરિ.

૬ રામકૃષ્ણ ગોવિંદ ગોપાલહરિ, ગોપાલહરિ
ગોપાલહરિ–રામકૃષ્ણ.

૭ સીતારામ સીતારામ, સીતારામ જય સીતારામ.

૮ રાધેશ્યામ રાધેશ્યામ, રાધેશ્યામ જય રાધેશ્યામ.

૯ રામલક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી.

૧૦ રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, જય બોલો હનુમાનકી.

૧૧ રામધૂન લાગી સીતારામ ધૂન લાગી.

૧૨ રામકૃષ્ણ ગોવિન્દ વાસુદેવ ગોવિન્દ ભજો.

૧૩ હરિ હરિ કૃષ્ણ કનૈયા તું છે નંદના લાલ
ભજો ગોવિંદ ગોવિંદ ગોપાલા.

૧૪ રાધે ગોવિંદ ભજો રાધે ગોવિંદા, વૃંદાવન કૃષ્ણ
ભજો રાધે ગોવિંદા.

શ્રી શંકરાશ્રમ સ્તવનમાળા

[illegible]



શ્રી રામપંચાયતન

[illegible] પ્રિન્ટરી • ખાડીયા અમદાવાદ

